# ગ્રે માર્કેટમાં ધૂમ સોદા સાથે વધી રહેલી ઊથલ-પાથલ

## થાયરોકેરમાં રૂ.૨૨૫ અને ઉજ્જીવનમાં રૂ.૯૨ સુધીના પ્રીમિયમ બોલાયાં

**ગ્રે માર્કેટની ગતાગમ**

• એટીકેટી

સેકડન્રીના બાઉન્સ બેક સાથે ઈક્વિટાસના રૂ.૨,૧૦૦ કરોડ પ્લસના મોટા ઈશ્યૂને તગડો રિસ્પોન્સ મળી જતાં પ્રાઈમરી માર્કેટમાં નવું જોમ આવ્યું છે. લગભગ બે-અઢી ડઝન ભરણાં કતારમાં હોવાનું સંભળાય છે અને પ્રાઈમરીની પાછળ ગ્રે-માર્કેટ પણ આજકાલ ધમાલના મૂડમાં આવી ગયું છે. ધૂમ કામકાજ સાથે પ્રીમિયમમાં તોફાની વધ-ઘટ સ્થિતિ સામાન્ય થઈ પડ્યાં છે. નવા સપ્તાહ દરમિયાન બે આઈપીઓ કુલ મળીને રૂ.૧,૩૯૫ કરોડ ભંડોળ ઊભું કરવા મૂડીબજારમાં આવશે. રૂ.૧૦ના શેરદીઠ રૂ.૪૨૦થી રૂ.૪૪૬ની પ્રાઈસ બેન્ડવાળો થાયરોકેર ટેકનેનો ઈશ્યૂ-૨૭ એપ્રિલ ખૂલશે તો રૂ.૧૦ના શેરદીઠ રૂ. ૨૦૭થી ૨૧૦ની પ્રાઈસ બેન્ડમાં ઉજ્જીવન ફાઈ. સર્વિસિસનો આઈપીઓ ૨૮મીએ ખૂલવાનો છે. થાયરોકેરના ભરણાંની સાઈઝ લગભગ રૂ.૪૮૦ કરોડની અને ઉજ્જિવનની સાઈઝ રૂ.૮૮૫ કરોડની છે.

સાકરબજારમાં થાયરોકેરના પ્રીમિયમના કામકાજ રૂ.૧૪૦-૧૪૫થી શરૂ થયા હતા તે વધીને ઉપરમાં રૂ.૨૨૫ સુધી જઈ હાલમાં રૂ.૧૮૦ આસપાસ ચાલે છે. મિનિમમ લોટની એપ્લિકેશનના ભાવ રૂ.૧,૦૦૦/૧,૧૦૦ સંભળાય છે જે ઉપરમાં રૂ.૧,૪૦૦ નજીક ગયાં હતાં.ઉજ્જીવન ફાઈ.માં ગ્રે માર્કેટમાં પ્રીમિયમની શરૂઆત ૪૪-૪૫ રૂપિયાથી થઈ હતી. વધીને તે એક તબક્કે રૂ.૯૧/૯૨ થયા બાદ હાલમાં રૂ.૪૦-૪૨ બોલાય છે. એપ્લિકેશનના ફોર્મના સોદા ઉપરમાં રૂ. ૧,૩૫૦માં થયા હતા. તે અત્યારે રૂ.૧,૧૦૦-૧,૨૦૦માં થઈ રહ્યા છે.

'થાયરોકેર'માં ફેન્સીનું કારણ ડો. લાલમાં લિસ્ટિંગ પછીની તેજી તેમજ આજકાલ જેના નામના સિક્કા પડે છે એ મોટા ગજાના લીડ મેનેજરને આભારી હોવાનું કહેવાય છે. ઉજ્જીવનને ઈક્વિટાસના મજેદાર લિસ્ટિંગનો સાથ મળી ગયો છે વળી ફેબ્રુ ૨૦૧૯માં ૧૪૨ લાખ શેરના પ્રિ. ઈશ્યૂ પ્લેસમેન્ટ મારફત રૂ.૨૯૨ કરોડ (શેરદીઠ રૂ.૨૦૫નો ભાવ ઊભાં કર્યાનું જમા પાસુ પણ તેની તરફેણમાં છે. ડૉ. લાલના હાલના ૯૮ના પીઈ સામે થાયરોકેરનો ઈશ્યૂ ૪૫ જેવા પીઈ ઉપર થઈ રહ્યો છે. કંપની નાના મોટા ૨,૦૦૦ શહેરમાં ૧૯૮ પ્રકારના ટેસ્ટ તથા ૫૯ પ્રોફાઈલ્સને આવરી લેતી ડાયગ્નોસ્ટિક લેબોરેટરિઝની શૃંખલા ધરાવે છે. નવ માસિક ગાળામાં રૂ.૧૮૦ કરોડની આવક ઉપર રૂ.૪૦ કરોડ જેવો નેટપ્રોફિટ કર્યો છે.

ઉજ્જીવન ફાઈ. માઈક્રોફાઈનાન્સ બિઝનેસમાં છે. રિઝર્વ બેંક તરફથી સ્મોલ બેંક માટેનું લાઈસન્સ પણ મેળવ્યું છે. દેશના ૨૪ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશના ૨૦૯ જિલ્લામાં ૪૬૯ બ્રાન્ચ સાથે તે ૨૮ લાખ કસ્ટમર ધરાવે છે. કંપનીમાં એફઆઈઆઈનો હિસ્સો ૭૭ ટકા છે. જે ઈશ્યુ બાદ ઘટીને ૪૫ ટકા થશે. રૂ.૮૮૫ કરોડના ભરણામાંથી રૂ.૩૨૮ કરોડ ફ્રેશ ઈક્વિટી ઈશ્યૂ મારફત કંપનીના ખાતામાં જશે. છેલ્લા ત્રણ વર્ષમાં આવક રૂ.૨૩૪ કરોડથી વધીને રૂ.૬૧૨ કરોડ તથા નેટપ્રોફિટ રૂ.૩,૨૮૪ લાખથી વધીને રૂ.૬૧૨ કરોડ તથા નેટપ્રોફિટ રૂ.૩,૨૮૪ લાખથી વધીને રૂ.૭,૫૮૦ લાખ પહોંચ્યાં છે. નવ માસની આવક રૂ. ૭૩૦ કરોડ અને નેટપ્રોફિટ રૂ.૧૨૨ કરોડ છે. ૧૫નો પીઈ હરીફોની તુલનામાં આકર્ષક જણાય છે.

